જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૮૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૫ | ૩,૨૨,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૫૫,૦૦૦/- તથા જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ** **સમાચાર યાદી નં.૧૮૮૬/૨૦૨૨**

**કાલુપુરઃ** ગૌતમભાઇ કાંતીલાલ ગાંધી (ઉ.વ.૭૬)(રહે.રૂપલપાર્ક અંકુર ચાર રસ્તા નારણપુરા) એ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગૌતમભાઇનો વિશ્વાસ કેળવી આરોપી "રાજશ્રી કાર્સ પ્રા.લી." ના ડાયરેક્ટર વિરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા (રહે.ઓર્ચિડ પાર્ક, રામદેવનગર રોડ, સેટેલાઇટ) એ ગૌતમભાઇની "ટ્રેડ સેન્ટર" શેઠીયા બિલ્ડીંગ પાછળ રિલિફ રોડ કાલુપુર ખાતેની "ટુલ્સ એન્ડ બેરીંગ સેન્ટર" નામથી દુકાનમાંથી ખરીદ કરેલ ઓટો પાર્ટસના બાકી લેણા કુલ રૂપિયા ૧૦,૯૭,૧૪૦/- આજદિન સુધી નહી ચુકવી આપી ગૌતમભાઇ સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુખદેવસિંહ લાખુભા ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૮૮૭/૨૦૨૨**

**કાગડાપીઠઃ** નીતાબહેન ડો/ઓ નંદલાલભાઈ ભદ્રેશા (ઉ.વ.૩૮)(રહે.શૈવાલી સોસાયટી, જીવરાજ પાર્ક, વેજલપુર રોડ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૪૫ થી તા.૧૮/૧૦/૨૦૨૨ ના કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન કાંકરીયા શાળા નં-૦૬ તથા કાંકરીયા પબ્લિક સ્કૂલના સાયન્સ લેબોરેટરીના રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કોમ્પ્યુટર સેટ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, પ્રોજેક્ટર કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, પેટી કિંમત રૂપિયા ૪,૦૦૦/-, બે જોડી તબલા કિંમત રૂપિયા ૧૨,૦૦૦/-, સ્પીકર નંગ-૨ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, એમ્પ્લિફાયર કિંમત રૂપિયા ૧૦૦૦/-, ગિટાર નંગ-૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, કોડલેસ માઈક નંગ-૨ કિંમત રૂપિયા ૧૦૦૦/-,વાયર વાળા માઈક નંગ-૨ કિંમત રૂપિયા ૩૦૦/-, લોખંડની ટ્રોલી કિંમત રૂપિયા ૫૦૦/-, એર બ્રાઉઝર કિંમત રૂપિયા ૩૦૦૦/-, મોટુ સ્પીકર કિંમત રૂપિયા ૧૦૦૦/-, એક્ષ્ટેન્શન બોર્ડ નંગ-૧૪ કિંમત રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૨,૩૦૦/- મતાનો સામાન ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.વી.બામ્ભા ચલાવે છે.

## **સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ** **સમાચાર યાદી નં.૧૮૮૮/૨૦૨૨**

**ઓઢવઃ** કુસુમબહેન વા/ઓ રમેશચંદ્ર ઓઝા (ઉ.વ.૬૦)(રહે.અક્ષરદીપ ટેનામેન્ટ મનમોહન ચાર રસ્તા પાસે, નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૦ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ શ્રધ્ધા બંગ્લોઝ પાસે રોડ ઉપરથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) કુસુમબહેનના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

## **ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૮૮૯/૨૦૨૨**

**માધવપુરાઃ** ગણપતસિંહ મુલસિંહ રાજપુત (ઉ.વ.૨૭)(રહે.મંગળ ગિરધર પ્રેસ ગુરુદ્વારા મંદીરની સામે કલોલ બસ સ્ટેન્ડની પાસે, કલોલ ગાંધીનગર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૨ સવારના ૧૦/૧૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન માધુપુરા માર્કેટ જોગમાયા મંદીરની આગળ પાર્કીંગમાં પાર્ક કરેલ ગણપતસિંહની એક્ટીવાની ડેકીનું લોક તોડી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૬૮,૫૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** રમેશભાઇ ત્રિભોવનભાઇ સોલંકી (ઉ.વ.૫૯)(રહે.જુના સનાતન સોસાયટી ધનંજય હોલની સામે પીરવાડી પાલવ સ્કુલની બાજુમાં ગોંડલ રોડ હાઇવે રાજકોટ શહેર) એ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૧૦/૨૦૨૨ ના કલાક ૬/૪૦ વાગ્યા દરમ્યાન રમેશભાઇ રાજકોટ ગ્રીનલેન્ડ ચાર રસ્તાથી “ફાલ્કન ટ્રાવેલ્સ”ની બસમા અમદાવાદ ઇસનપુર ખાતે જવા નિકળેલ દરમ્યાન રસ્તામાં એક હોટલમાં રમેશભાઇની સાથે બસમાં બેસેલ એક અજાણ્યા પુરૂષે સોડાની બોટલ લઇ “એક ઘુંટડો મારો” તેમ જણાવતા રમેશભાઇ તે કેફી પીણુ પીધા બાદ બસમાં આવી સુઇ ગયેલ દરમ્યાન અજાણ્યા પુરૂષે રમેશભાઇએ પહેરેલ સોનાની ૧ મુખી રુદ્રાક્ષ અને પેન્ડલવાળી સોનાની ચેઇન કિંમત ૧,૧૫,૦૦૦/-, ડાબા હાથમા કાંડામા પહેરેલ સોનાની લકી કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/-, ડાબા હાથની આંગળીઓમા પહેરેલ સોનાની વિટી નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૫૫,૦૦૦/- ની મતા ચોરી કરી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ એમ.એન.આદરેજીયા ચલાવે છે.

## **આત્મહત્યાઃ** **સમાચાર યાદી નં.૧૮૯૦/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** બ્રીજેશભાઇ અરવિંદભાઈ સાધુ (ઉ.વ.૨૧)(રહે.બ્રહ્માણીનગર, ઓગણજ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દીકસિંહ દીલીપસિંહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટ**: વિશાલ કાલુભાઈ ભીલ (ઉ.વ.૨૧)(રહે.રામચંન્દ્ર કોલોની, ઘંટી બસ સ્ટેશન પાસે, ચમનપુરા, અસારવા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૨ ના કલાક ૯/૦૦ પહેલા કોઈપણ સમયે સાબરમતી નદીના પશ્ચિમ કિનારે, મેટ્રોબ્રિજ તથા નહેરૂબ્રિજની વચ્ચે, સાહિત્ય પરીષદની પાછળ, રીવરફ્રંટ વોક-વે ઘાટ નંબર-૦૬ નજીક પોતાની જાતે સાબરમતી નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ. ખોડાભાઈ અરજણભાઈ ચલાવે છે.

**અમરાઇવાડી**: યોગેશભાઇ સ/ઓ ગુલાબજી રાણા (ઉ.વ.૩૦)(રહે.નાથાજી ધુળાજી ની ચાલી, શંકર નગરની ચાલી પાસે, મેટ્રો પિલ્લર નં.૬૬ સામે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૨ ના કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલમાં લાવતા તા.૧૯/૧૦/૨૦૨૨ સવારના ૪/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**નારોલ**: વસંતભાઇ ધુળાભાઇ પટેલ (ઉ.વ.૫૮)(રહે.ચંન્દ્રપ્રભા સોસાયટી, ઘોડાસર કેનાલ પાસે વટવા-ઇસનપુર રોડ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને મણીનગર "કેર એન્ડ ક્યોર" હોસ્પીટલ ખાતે લાવતા તા.૧૯/૧૦/૨૦૨૨ ના ૧૧/૫૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી